Extra No. 436

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, AUGUST 21, 2025 / SRAVANA 30, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

સી.આઈ.ડી. ક્રાઇમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૨૦૧૦૦૧૨૪૦૦૨૩/૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાનાં કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૫.

ક્રમાંક: જીએચજી/૧૨૦/૨૦૨૫/વિ.૨/ગનહ/૧૦૨૦૨૫/GPID-05: અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, ગુજરાત રાજ્યનાં તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સી.આઈ.ડી./EOW & FC & CC/SIMU-1/૫૪૮/૨૦૨૫ થી સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૧૧૨૦૧૦૦૧૨૪૦૦૨૩/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૨૪૯, તથા The Gujarat Protection of Interest of Depositors (in financial Establishment) Act, 2003 (GPID Act,2003) ની કલમ-૩ તથા The Banning of Unregulated Deposit Schemes Depositors Act, 2019ની કલમ-૨૧, ૨૩ હેઠળ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા દરખાસ્ત કરેલ છે.

૨. ફરિયાદી શ્રી અજયકુમાર રમસુભાઈ ડામોર દ્વારા કરવામાં આવેલ ફરિયાદના પગલે સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર. નં. ૧૧૨૦૧૦૦૧૨૪૦૦૨૩/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૨૪૯, GPID Act, 2003ની કલમ-૩ તથા The Banning of Unregulated Deposit Schemes Depositors (in financial establishment) Act, 2019ની કલમ-૨૧, ૨૩ હેઠળ ભુપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા અન્ય ૩૨ વિરુધ્ધ તા.૨૭/૧૧/૨૦૨૪ના રોજ ગુનો નોંધાયેલ છે.

૩. આ કામના આરોપી ભુપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા રહે. ઝાલાનગર, રાયગઢ, તા.હિંમતનગર જિ. સાબરકાંઠાએ તથા તેઓના મળતીયાઓએ ભેગા મળી, આશરે સને ૨૦૨૦ થી આજદીન સુધી BZ FINANCIAL SERVICES તથા BZ Group બનાવી તે ગૃપના પોતે સી.ઈ.ઓ તરીકે રહી તે ગૃપની બી.ઝેડ ફાયનાન્સીયલ સર્વીસ તથા બી.ઝેડ ઈન્ટરનેશનલ બ્રોકીંગ પ્રા.લી તથા બી.ઝેડ ટ્રેડર્સ તથા બી.ઝેડ ગૃપ ઓફ મેનેજમેન્ટ વિગેરે નામની અલગ અલગ કંપનીઓ ખોલી ગુજરાતના અલગ અલગ જિલ્લાના અલગ અલગ શહેરોની જુદી જુદી જગ્યાએ ઓફીસો ખોલી જાહેર જનતા જેમા મોટાભાગે નિવૃત શિક્ષકો, અન્ય કર્મચારીઓ તથા ખેડૂતોને વિશ્વાસમાં લઈ જાહેરજનતા પાસેથી નાણા ઉઘરાવી રાષ્ટ્રીયકૃત બેન્કો તેમજ અન્ય નાણાકીય સંસ્થા કરતા વધુ ઉચા વ્યાજનુ વળતર આપવાની લોભામણી લાલચો જેવી કે, રોકાણકારો જો રૂ.૫,૦૦,૦૦૦/- રોકાણ કરે તો તેના પર ૩૨ ઈંચનું ટી.વી અથવા મોબાઈલ તથા રૂ.૧૦,૦૦,૦૦૦/- રોકાણ કરે તો રોકાણકારોને ગોવાનો પ્રવાસ તથા ફીક્સ એફ.ડી. પર ૭% વ્યાજ આપવાની જાહેરાતો આપી રોકાણકારોને વિશ્વાસમાં લેવા સારૂ શરૂઆતના રોકાણ ઉપર જણાવ્યાનુસારનું વળતર/વ્યાજ/નફો આપી રોકાણકારોનો વિશ્વાસ સંપાદન કરી લઈ આશરે રૂ.૬૦૦૦ કરોડનું રોકાણ કરાવડાવી તે રોકાણ કરેલ નાણાનો રોકાણકારોને એગ્રીમેન્ટ કરી આપીને નાણામાંથી અલગ-અલગ વ્યવસાય કરીને રોકાણકારોની સાથે ગુનાહિત વિશ્વાસઘાત, નાણાકીય છેતરપીંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૪. તપાસ દરમિયાન ફરિયાદી સહિત કુલ-૩૦૦ જેટલા સાહેદોના નિવેદન પ્રમાણે રોકેલ રકમ રૂ.૫૩,૫૮,૮૪,૫૧૧/- તેમજ વેબસાઈટ મુજબ કુલ-૬૮૬૬ સાહેદો/રોકાણકારોએ કુલ રૂ.૧,૭૨,૫૯,૬૮,૮૦૬/- નું રોકાણ કરેલ છે. આરોપીઓની ટાંચમાં લેવાની સ્થાવર મિલ્કતોની દસ્તાવેજ મુજબ કિંમત રૂ.૪૪,૯૭,૦૦૦/- તથા જેની હાલની બજાર કિંમત આશરે રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- થાય છે. તથા વાહનની કિંમત રૂ.૬૦,૦૦,૦૦૦/- મળીને કુલ રૂ.૧,૬૦,૦૦,૦૦૦/- મિલ્કતો ટાંચમાં લેવાની થાય છે. આ બાબતે કાયદાકીય પ્રક્રિયા દરમિયાન ટાંચમાં લેવાયેલ મિલ્કતોમાં બેંક લોન હોય તો, તે રકમ બાદ કરી બાકીની રકમ ડેઝીગ્નેટેડ કોર્ટના આદેશાનુસાર ભોગ બનેલાને ચૂકવી શકાય.

૫. આરોપીઓ રોકાણકારો / થાપણદારોને બાહેંધરી મુજબ પાકતી મુદ્દતે નાણા પરત આપવામાં નિષ્ફળ ગયેલ છે. આથી, જાહેર હિતને ધ્યાને લેતા તથા છેતરપિંડીના બનાવો બનતા અટકે તથા રોકાણ- કર્તાઓને પોતાના નાણાં પરત મળે તે હેતુથી ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) હેઠળ આરોપીઓની નીચે કોષ્ટક (એનેક્ષર-A) માં દર્શાવ્યા મુજબની સ્થાવર મિલ્કતો અને કોષ્ટક (એનેક્ષર-B) માં દર્શાવ્યા મુજબ વાહન ટાંચમાં લેવા હુકમ કરવા જરૂરી છે.

૬. આથી, સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૨૦૧૦૦૧૨૪૦૦૨૩ /૨૦૨૪ થી દાખલ થયેલ ગુનાનાં કામે ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) મુજબ આરોપીઓની નીચે કોષ્ટક (એનેક્ષર-A અને B) માં દર્શાવ્યા મુજબની પ્રોપર્ટી ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, હિંમતનગરને "કોમ્પીટન્ટ ઓથોરીટી" તરીકે ડેઝીગ્નેટેડ કોર્ટના આખરી હુકમ સુધી પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

એનેક્ષર – A

અ. નં.	મિલકતનું વર્ણન	માલિકનું નામ	ખરીદી મુજબ કિંમત	હાલની માર્કેટ ખરીદી મુજબ અંદાજે કિંમત
૦૧	ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ઉવારસદ ગામની સીમમાં આવેલ નવા સર્વે નં.૨૮૦૦,૨૮૦૧ (જૂના સર્વે નં૬૪૦/૧, ૬૪૦/૨) અને ૨૮૦૮ ના (જૂના સર્વે નં.૬૪૫) ની કુલ ૬૩૧૨ ચો.મી. જમીનને ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૯ વાસણા, હડમતિયા, વાવોલ, ઉવારસદ, સરગાસણ, તારાપુરમાં આવરી લઈ ફાળવવામાં આવેલ પ્લોટ નં. ૯૧,૯૨,૧૦૨ ની ૬૩૧૨ ચો.મી જમીનમાં બાંધવામાં આવેલ "PRAMUKH ELYSIUM"નામથી ઓળખાતી ફ્લેટો તથા દુકાનોની પરીયોજનામાં આવેલ બ્લોકો પૈકી બ્લોક નં ઈ ના ત્રીજા માળે બાંધવામાં આવેલ ફ્લેટ યાને એપાર્ટમેંટ નં.ઈ/૩૦૧ ની આશરે ૫૬.૦૫ ચો.મી. કાર્પેટ એરિયા તથા જમીનનો વણ વેહેંચાયેલો હિસ્સો આશરે ૨૬.૩૭ વાળી મિલ્કત. ક્ષેત્રફળ : ૫૬.૦૫ ચો.મી. કાર્પેટ એરિયા તથા જમીનનો વણ વેહેંચાયેલો હિસ્સો આશરે ૨૬.૩૭	શૈલેષ ધુળાભાઈ પટેલ	રૂ. ૨૬,૯૭,૦૦૦/-	રૂ. ૫૦,૦૦,૦૦૦/-

અ. નં.	મિલકતનું વર્ણન	માલિકનું નામ	ખરીદી મુજબ કિંમત	હાલની માર્કેટ ખરીદી મુજબ અંદાજે કિંમત
૦૨	ડિસ્ટ્રીક્ટ મહેસાણાના સબ ડિસ્ટ્રીક્ટ વિજાપુર તાલુકાના કસ્બે વિજાપુરની સ્કીમના રેવન્યુ બ્લોક નં./સર્વે નં.૨૫૮ જેનો સીટી સર્વે નં.NA-258 ની બિનખેતીની જમીનમાં આવેલ અયોધ્યા બંગ્લોઝના નામથી ઓળખાતી મિલ્કતના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૫ જેનો મકાન નં.એ.-૧૫ વાળી મિલ્કત. ક્ષેત્રફળ : ૧૭૧-૧૮ ચો.મી.	શૈલેષ ધુળાભાઈ પટેલ	રૂ. ૧૮,૦૦,૦૦૦/-	રૂ. ૫૦,૦૦,૦૦૦/-

એનેક્ષર -B

અ.નં.	ગાડીનો પ્રકાર	ગાડી.નં.	ચેસીસ.નં.	એન્જીન.નં.	મોડલ/વર્ષ	કિંમત
01	MERCED BENZ INDIA PVT. LTD	GJ.31.BA.9003	W1NKM4HB4RL002462	254920V0333051	MERCEDES-GLC 300 4MATIC	રૂ.૬૦,૦૦,૦૦૦/-
સદરહુ ગાડી આરોપી પ્રતિકકુમાર ચંપકલાલ જયસ્વાલના નામે છે. ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ છે.						

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.26 22:24:26 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar